| Innovation ID | DTP0010000002743 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | પશુને તાવ (Simple Fever) આવે ત્યારે | |
| Category | પશુ સંવર્ધન | |
| Notebook Number | Lok(૩)૫, Oct-૧૯૯૮, Pg.No.-૭ | |
| Brief | પશુને તાવ (Simple Fever) આવે ત્યારે કાળીજીરી(Nigella sativa) , કાળામરી(Piper nigrum) , હીંગ(Ferula assafoetida) અને મીઠાનો ઉપયોગ | |
| Detail | સખત ગરમી કે સખત ઠંડીના અસરના કારણે પશુને તાવ (Simple Fever) આવે છે. ખાસ કરીને બળદ જેવા પશુઓકે જેઓને ખેતીકામ કે ભાર ખેંચવામાં ઉપયોગમાં લેવાતા હોય તેવા પશુઓને તાવ (Simple Fever) આવવાની સાથે ટાઢ વાય છે અને તેથી શરીર ધ્રુજે છે.<br>જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના ગુંદાળા ગામના મહિલા ખેડૂત શ્રી અલકાબેન લાલજીભાઇ ગોહિલે પશુને તાવની સારવાર માટે અલગઅલગ વસ્તુઓ ભેગી કરીને આપી છે.<br>૨ લીટર પાણીમાં એક ચમચી કાળીજીરી(Nigella sativa) કાળામરી(Piper nigrum), અજમો(Carum copticum) અને હીંગ(Ferula assafoetida) તેમજ બે ચમચી મીઠું નાખીને તેને ઉકાળવામાં આવે છે. આ ઉકાળો અડધો થાય એટલે ઠંડો પાડી પશુને એક નાળ જેટલું મિશ્રણ બે દિવસ સુધી પીવડાવવાથી તાવ ઉતરી જાય છે.<br>ડૉ.અંજારીયાના જણાવ્યા મુજબ આ મિશ્રણ જનરલ ટોનિક જેવું છે તેથી તેની  તાવ ઉપર કોઇ સીધી અસર નથી. ડૉ પી.આર.પટેલના મતે ઉપરોકત ઔષધિઓ આફરામાં વધુ મદદરૂપ થઇ શકે.<br>નેપ્રાલર્ટડેટાબેઝ અનુસાર કાળીજીરી પીડારોધક શકિતવર્ધક , કાળામરી વાયુનાશક અને તાવરોધક તરીકે અજમોશકિતવર્ધક વાયુનાશક ઉલ્ટી અને શરદીને રોકવામાટે તેમ જ હીંગ વાયુનાશક તરીકે ઉપયોગી છે. | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | કાળીજીરી(Nigella sativa), કાળામરી(Piper nigrum), હીંગ(Ferula assafoetida) અને મીઠું | |
| IPR Status | | |
| Keywords | પશુને તાવ (Simple Fever), કાળીજીરી(Nigella sativa), કાળામરી(Piper nigrum), હીંગ(Ferula assafoetida), મીઠું, | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૪૨ | Member Type | Scout |
|---|---|---|---|

First Name સુભાષચંદ્ર    Middle Name    Last Name ચોથાણી

Profession    Designation

Address 1

Village ચિરોડા    Taluka મેંદરડા

District Junagadh    State Gujarat    Country India

Biography ખેડૂતનો પરિચય:
ખેડૂત શ્રી જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાનાં ચિરોડા ગામનાં વતની છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૮૦ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name અલકાબેન    Middle Name લાલજીભાઈ    Last Name ગોહિલ

Profession ખેતી,પશુપાલન    Designation ખેડૂત,પશુપાલક

Address 1

Village મુ. ગુંદાળા    Taluka મેંદરડા

District Junagadh    State Gujarat    Country India

Biography ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર તેમની ઉમર ૫૦ વર્ષની છે. પોતે લખતા વાચતા આવડે તેટલું ભણેલા છે. અને સ્વાધ્યાય પ્રવૃતિ સાથે જોડાયેલા છે. રહેવા માટે કાચુ નળીયાવાળુ મકાન ધરાવે છે. જમીન ૧૦ વિઘા છે અને પશુઓમાં એક ગાય છે. ખેતી ઉપરાંત ઘરકામ કરે છે. ઘરમાં ચાર સભ્યો છે. તેનો પુત્ર ખેતી કામ જ કરે છે. આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે અને દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે તહેવારો ઉજવે છે. મગફળી, કપાસ, ઘઉ, બાજરી વગેરે પાકોની ખેતી કરે છે અને આવી માહિતીઓ જાણવા-સમજવામાં રસ ધરાવે છે. તેમના પત્નીનું નામ લાલજીભાઈ છે. જેઓ ખેતીકામ કરે છે. ખેતી કામ દ્વારા ગુજરાન ચલાવે છે અને આવી બાબતો જાણવા સમજવામાં રસ ધરાવે છે.

ગામનો પરિચય-
ગુંદાળા ગામ જુનાગઢ જિલ્લાના મેદરડા તાલુકાથી ૮ કિમીના અંતરે આવેલું છે. ત્યાં જવા માટે મેંદરડાથી સરળતાથી વાહનો મળી રહે છે. ગામની વસ્તી ૫૦૦૦ની છે જેથી ૪૦ ટકા વસ્તી પટેલ લોકોની છે જ્યારે ૩૦ ટકા આહિર અને બાકીની વસ્તીમાં દરબાર, કુંભાર, વાણંદ, દરજી, વણકર વગેરે જ્ઞાતિના લોકો રહે છે. મોટાભાગના લોકો સ્વાધ્યાયની પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. ગામમાં સ્વાધ્યાયની મીટીંગ માટેનો હોલ (અમૃતાલય) આવેલું છે. ગામમાં શંકરભગવાનનું મંદિર પણ છે. રસ્તાઓ કાચા તેમજ લોકો પાકા અને કાચા નળીયાવાળા મકાનોમાં રહે છે. ધોરણ ૧થી ૭ માટેની પ્રાથમીક શાળા ગામમાં આવેલી છે. ગામના ૮૦ ટકા લોકો સજીવખેતી કરે છે અને સજીવખેતી કરવામાં ઘણા ખેડૂતોને રસ છે. દિવાળી, હોળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે તહેવારો ગામમાં ઉજવવામાં આવે છે. તળાવ કે ચેકડેમ નથી. આ વિસ્તારમાં મગફળી, ઘઉ, કપાસ, બાજરી વગેરે પાકો વાવેતર થાય છે. ઉપરાંત બાગાયતી પાકો જેવા કે નાળીયેરી અને આંબા તેમજ ચીકુની બાગો આવેલી છે. લીમડો, બાવડ, વડ, થોર વગેરેના વૃક્ષો ગામની આજુબાજુ જોવા મળે છે. એકંદરે ગામની પરિસ્થિતિ સારી છે.